
# ઔદ્યોગિક પરિવર્તનમાં વ્યક્તિ-સમાજનું જીવન કેવી રીતે બદલાઈ રહ્યું છે

'નવી સંસ્કૃતિનું અને નવી વ્યવસ્થાનું સ્વરૂપ કેવું હશે તેની તો આજે કોઈને ખબર નથી પણ એટલું નક્કી કે હવે જે પરિવર્તન આવશે તે ઉપરથી લદાયેલું નહીં હોય, નીચેથી પાંગરેલું હશે. સમાનતાપૂર્વક હજારો વિકેન્દ્રિત પ્રયોગોના પરિણામ સ્વરૂપ તે આવશે. દુનિયાભરમાં આજે સરકારો વિશેનું વ્યાપક ભ્રમ-નિરસન, રોષ અને કડવાશ જોવા મળે છે. તેમાંથી ભડકોય થઈ શકે અને યથાર્થ લોકશાહીની નવરચનાની પ્રક્રિયાયે શરૂ થઈ શકે. વ્યાપક લોકજાગ્રતિ દ્વારા નીચેથી આ માટે દબાણ ઊભું કરવું પડશે. તેના વિના આજના અગ્રણીઓ પરિવર્તનનાં પરિબળોને દાદ નહીં દે. આજની વ્યવસ્થા ગમે તેવી





જર્જરીત થઈ ગઈ છે. છતાં તે જ વ્યવસ્થા એ બધાંને પ્રતિષ્ઠા, પૈસો અને પોતાના હાથમાં સત્તા છે એવો ભ્રમ આપી જાય છે. એટલે જર્જરીત વ્યવસ્થાને તેઓ ઝટ છોડી નહીં શકે. તેને માટે એમના પર નીચેથી પ્રજામતનું દબાણ લાવવું પડશે.' આ ભવિષ્ય કથન કરનારા એલવીન ટોફલર છે. મૂળ અમેરિકાના એલવીન ટોફલરે વીસમી સદીમાં આવી રહેલા જંગી પરિવર્તનોને ધ્યાનમાં રાખીને 'ધ થર્ડ વેવ એન્ડ પાવર શિફ્ટ' નામનું પુસ્તક લખ્યું હતું. આ પુસ્તકનો ગુજરાતીમાં અનુવાદ 'ત્રીજું મોજું' નામે કાન્તિ શાહે કર્યો છે. આ પુસ્તકમાં 'ઔદ્યોગિક સભ્યતાનું માળખું', 'પરિવર્તનની ઝાંખી' અને 'બજારમુક્તિના દિશામાં' અને 'બદલાતાં મૂલ્યો, ખ્યાલો અને ચીલાઓ' અને 'એકવીસમી સદીની લોકશાહી' જેવાં પંદર પ્રકરણોમાં ભવિષ્યની વાત કરી છે. આ પુસ્તક સાડા ચાર દાયકા અગાઉ લખાયું હતું. પરંતુ તેમાં તેમણે બદલાઈ રહેલાં સમાજની ઝાંખી આપી છે. તેમાંથી અનેક બાબતો આજે ધ્યાને લેવા જેવી છે.

**ઈન સાઈડ આઉટ સાઈડ**
કિરણ કાપૂરે

એલવીન ટોફલર જે દેશમાં થઈ ગયા તે જ દેશના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ આજે શિક્ષણ સંસ્થાઓ અને 'વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન' જેવી સંસ્થાઓના ભંડોળ પર મસમોટો કાપ મૂકીને તેમને પાંગળી બનાવી રહ્યા છે. અમેરિકા જ્યાં મુક્ત બજાર સાથે મફત શિક્ષણની પણ વિશાળ તક હતી તે તકો હવે ખુદ પ્રમુખ છીનવી રહ્યા છે. 'ઔદ્યોગિક સભ્યતાનું માળખું' નામના પ્રકરણમાં તેઓ લખે છે કે ઓદ્યોગિક યાત્રા ક્યાંથી ક્યાં સુધી આવી ગઈ છેઃ 'ખેતીપ્રધાન સભ્યતામાં સંયુક્ત કુટુંબની પ્રથા હતી. વિશાળ કુટુંબના સભ્યો એક સાથે રહેતા અને એક સાથે કામ કરતા. કુટુંબના મૂળિયાં ધરતી સાથે જોડાયેલાં હતા. બીજા મોજાના ધસમસતા પ્રવાહમાં આ મૂળિયાં ઊઘડી ગયા. કૌટુંબિક સંબંધોમાં ફરક પડી ગયો. સંયુક્ત કુટુંબની પ્રથા પડીભાંગી. કુટુંબ નાનું થતું ગયું. વ્યક્તિગત માલિકીની સંપત્તિના નવા ખ્યાલો ઊભા થયાં. આર્થિક ઉત્પાદન ખેતરને બદલે વધુ ને વધુ કારખાનાં તરફ જતું ગયું. હવે કાર્યનું એકમ કુટુંબ ન રહ્યું. કુટુંબની અગાઉની મુખ્ય જવાબદારીઓ પણ જુદી જુદી સંસ્થાઓને સુપરત થતી ગઈ. બાળકનું શિક્ષણ નિશાળોને સોંપાયું. ઘરડાંઓને સંભાળ ઘરડાંઘર અને સરકારને સોંપાઈ. નવી સભ્યતાને એક જગ્યાએ ખોડાયેલો માણસ નહીં, પણ નોકરી માટે જ્યાં-ત્યાં જઈ શકતો ફરંદો માણસ ખપતો હતો. તેને અનુરૂપ સામાજિક માળખું ગોઠવાતું ગયું.' આ લખનાર એક અમેરિકન છે, જે તેના ત્યાં આવેલા ઔદ્યોગિક બદલાવ વિશે આવું લખે છે. જેમાં કુટુંબ નાનાં થતાં ગયા અને બાળકોનું શિક્ષણ શાળાઓને માત્ર સોંપાયું તે લખ્યું છે. આ બધું આપણી સાથે થઈ રહ્યું છે અને તે બદલાવમાં અત્યારે મહદંશે સૌ કોઈ પિસાઈ રહ્યા છે.

ઔદ્યોગિકવાદમાં બજાર આપણી પર કેટલું હાવી થઈ ગયું છે અને તે માટે લોકોને કેવી રીતે તૈયાર કરવામાં આવે છે - તે માટે આગળના ફકરામાં ટોફલર જે લખે છે તે ખાસ વાંચવા જેવું છે. તેઓ લખે છે : 'નવી સભ્યતાની જરૂરિયાત મુજબનું નવું શૈક્ષણિક માળખું પણ ગોઠવાયું. નવી પેઢીને હવે કારખાનાંના જીવન માટે તૈયાર કરવાની હતી. કારખાનાંના નમૂના ઉપર ઊભી થયેલ નિશાળોમાં વાચન, લેખન, ગણિત, ઈતિહાસ વગેરે શીખવાતું. પણ તો 'પ્રત્યક્ષ અને પ્રગટ પાઠ્યક્રમ' તેની નીચે બીજો અદૃશ્ય અથવા 'ગુપ્ત પાઠ્યક્રમ' પણ રહેતો. જે વધુ અગત્યનો હતો. તેમાં સમય-ચુસ્તતા, આજ્ઞાપાલન અને યંત્રવત કામ કરવા માટે બધાને તૈયાર કરવામાં આવતા. ઓગણીસમી સદીમાં જેમ જેમ બીજા મોજાનો પ્રભાવ વધતો ગયો તેમ તેમ આ કરખાનાં જેવી નિશાળોમાં બાળકો વધુ ને વધુ નાની ઉંમરે દાખલ થતાં ગયાં અને વધુ ને વધુ મોટી ઉંમર સુધી તેમાં ભણવાનું ચાલુ રાખતાં રહ્યાં. આ શાળા-કોલેજો ઔદ્યોગિક સભ્યતાને ખપ હતો એવી બીબાંઢાળ કર્મચારીઓ અને મજૂરોની પેઢી તૈયાર કરતી હતી.' અહીંયા એક શબ્દ 'બીબાંઢાળ' આવ્યો તે અતિજોખમી સ્થિતિ છે અને તે હવે આપણે ત્યાં સર્વત્ર જોવા મળી રહી છે. શિક્ષણમાં દાવા બધા થાય છે પરંતુ તેની સ્થિતિ બીબાંઢાળ છે. તેનું માળખું બીબાંઢાળ છે અને તેમાં નવીનપણું દેખાતું નથી.

માણસની સ્થિતિ આ બધામાં કેવી થઈ છે તેના કેટલાંક લક્ષણો ટોફલરે નોંધ્યા છે. ઔદ્યોગિક સભ્યતાનું ત્રીજુ સૂત્રમાં તેઓ લખે છે : 'સમય કિમતી છે અને તે મુજબ ઘડિયાળના કાંટે બધું જીવન ગોઠવાતું ચાલ્યું. અગાઉ ઋતુઓના, રાત-દિવસના માનવદેહના લય ને તાલ મુજબ માણસનું કામ ગોઠવાતું, પણ હવે યંત્રના તાલે તાલે માણસ પોતાની જાતને ગોઠવવાની રહેતી. જે લોકો આ આદ્યૌગિક બીજા મોજાની અસર હેઠળ નથી આવ્યા, એમનામાં આવી સમયચુસ્તતા જોવા નથી મળતી.' રાજકીય સંબંધિત તેઓ જે સત્ય લખે છે તેમાં તેમનું નિરીક્ષણ છે : 'કાગળિયાનું કામકાજ ખૂબ ફૂલ્યું-ફાલ્યું. નિયમો અને કાયદા કાનૂનનું માળખું બધે ફેલાયું. સરકારનું તોતિંગ તંત્ર ઊભું થયું. પ્રમુખો અને વડાપ્રધાનો પોતાને મુખ્યત્વે વહીવટદાર માને છે. સામાજિક અને રાજકીય ક્ષેત્રના સર્જનાત્મક નેતા નથી. તેઓ બધા લોકશાહી અને સામાજિક ન્યાયની વાતો ભલે કરતા હોય, પરંતુ બહુ બહું તો કાંઈક કુશળ વહીવટ કરી શકે છે. તેનાથી વિશેષ તેઓ ભાગ્યે જ કશું કરી શકે છે.' રાજકીય લોકો પાસેથી ટોફરલને કોઈ અપેક્ષા નથી. આપણા દેશમાં કે વિશ્વમાં ક્યાંય પણ રાજકારણ વિશે સર્વસામાન્ય થઈ પડ્યું હોય તે વિશે તેઓ કહે છે : 'નામો, સૂત્રો, પક્ષીય લેબલો, ઉમેદવારો બદલાતા રહે છે, પણ મૂળ શૈલીમાં કશો ય ફરક પડતો નથી. છેલ્લા ત્રણસો વરસમાં ઘણાં દેશોમાં વિદ્રોહી અને સુધારકો ઊભા થયા. નાની-મોટી ક્રાંતિઓ થઈ, પરંતુ સત્તાનું મૂળભૂત માળખું એનું એ જ રહ્યું. સામાજિક ન્યાય અને રાજકીય સમાનતાની ભૂમિકા ઉપર એક નવો સમાજ રચવાના પ્રયાસો થયા. થોડોક વખતે નવી વ્યાપક ભાવના પણ ફેલાઈ. ક્રાંતિકારીઓ કેટલાંક શાસનોને પણ ઊથલાવી શક્ય અંતતોગત્વા પરિણામ એનું એ જ. ક્રાંતિકારીઓએ નવા નામે સત્તાનું એવું ને એવું જ માળખું ઊભું કર્યું. ચિત્તાના શરીર પરના ચટાપટા બદલાય તો આ માળખું બદલાય.' આ બાબત સમજવા માટે આપણા દેશથી સારું ઉદાહરણ કયું હોઈ શકે. આઝાદી વખતે જે ઉદ્દેશ્યથી આપણે અંગ્રેજો સામે લડ્યા અને તે પછી પણ સમયાંતરે આપણે ત્યાં ક્રાંતિ થઈ તેની નાની-મોટી હકારાત્મક ચોક્કસ અસર જોવા મળી. પણ લોકોપયોગી માહોલ ઊભો થાય તેના સપનાં હજુય આપણે જોઈ રહ્યા છીએ.




**'ત્રીજું મોજું' પુસ્તકમાં આખરે એક ફકરામાં જે લેખક ટાંકે છે તે આજના એકવીસમી સદીના ત્રીજા દાયકામાં બંધબેસે છે. લેખક લખે છે : 'એકવીસમી સદીમાં આર્થિક સર્વોચ્ચતા હાંસલ કરવા માટેની ગળાકાપ હરીફાઈ શરૂ થઈ ગઈ છે. જીવ-સટોસટની આ લડાઈ છે. આર્થિક ક્ષેત્રમાં દુનિયા આખી ઉપર કોની આણ પ્રવર્તશે. તેની આમાં ચર્ચા ને ચિંતા છે. હવેના સત્તા-સંઘર્ષમાં જ્ઞાન એ જ મુખ્ય સાધન છે. એટલે જ્ઞાન હડપ કરી લેવા માટેનો આ બધો સંઘર્ષ છે**

'ત્રીજું મોજું' પુસ્તકમાં આખરે એક ફકરામાં જે લેખક ટાંકે છે તે આજના એકવીસમી સદીના ત્રીજા દાયકામાં બંધબેસે છે. લેખક લખે છે : 'એકવીસમી સદીમાં આર્થિક સર્વોચ્ચતા હાંસલ કરવા માટેની ગળાકાપ હરીફાઈ શરૂ થઈ ગઈ છે.

જીવ-સટોસટની આ લડાઈ છે. આર્થિક ક્ષેત્રમાં દુનિયા આખી ઉપર કોની આણ પ્રવર્તશે. તેની આમાં ચર્ચા ને ચિંતા છે. હવેના સત્તા-સંઘર્ષમાં જ્ઞાન એ જ મુખ્ય સાધન છે. એટલે જ્ઞાન હડપ કરી લેવા માટેનો આ બધો સંઘર્ષ છે. આ 'જ્ઞાન' એટલે માહિતી, જાણકારી, આવડત, અદ્યતનમાં અદ્યતન ટેક્નોલોજી પરનો અંકુશ. એ જ્ઞાન દ્વારા તમે દુનિયા આખી ઉપર વર્ચસ્વ જમાવી શકશો. દુનિયાની ચોટલી તમારા હાથમાં રહેશે, દુનિયાની દોલત ને સંપત્તિ પર તમારો કબજો રહેશે. તેનો યથેચ્છ ઉપભોગ કરવાનો તમને પરવાનો મળશે.' આવી અનેક મહત્ત્વની વાતો 'ત્રીજું મોજું' નામના પુસ્તકમાં એલવીન ટોફલરે આલેખી છે.



# આત્મનિર્ભર મરઘા-મરઘી!

આમ તો અઠવાડિયે કે 15 દિવસે એક વખત આવું બનતું જ હોય છે અને આ અઠવાડિયે પણ એવું જ થયું કે ગામમાં અહીં-તહીં કામ કરતા ખેડૂતો અને હુક્કો પીતાં પીતાં મજાનું સુખી સંસારી જીવન જીવતા લોકોને સમાચાર મળ્યા કે શહેરથી એક સજ્જન માણસ પધાર્યા છે, જે બહુ જાણકાર અને અનુભવી છે, ઉદાર અને આદર્શવાદી છે, વળી મહેનતું છે અને તોયે નેતા પણ છે, બોલો! તેઓ આજે ગામનાં ચોકમાં ભાષણ આપશે કે ગામના ગરીબ ખેડૂતો એમની આવક કેવી રીતે વધારી શકે? આ બાબત પર (સરકારી રાબેતા મુજબની બોરિંગ) ચર્ચા થશે. એટલે ગામનાં દરેકને ત્યાં આવીને ભાષણ સાંભળવા વિનંતી છે. 'ગામનાં ખેડૂતો એમની આવક કેવી રીતે વધારે?' આ પ્રશ્ન બધાની સામે હતો જ જે સદીઓથી ઉકેલાયો કે ઉકેલાશે પણ નહીં. એટલે સ્વાભાવિક રીતે કુતુહલતાપૂર્વક અને આવક વધારવાની લાલચમાં ખેડૂતભાઈઓ સાંજે ગામના ચોકમાં આવીને ભેગા થયા. ભાષણ આપવાવાળા સજ્જન અને પાછા નેતા પણ હતા એમણે કહ્યું, 'પ્રિય ભાઈઓ, જો તમે તમારી આવક વધારવા માંગતા હોવ તો નવા નવા ગૃહ ઉદ્યોગને અપનાવો અને ઘરે બનેલી વસ્તુઓ બજારમાં વેચીને પૈસા કમાવો! કામ વગર ખાલી બેસી ના રહો! જેમ કે તમે મરઘીઓ પાળો તો એમાં શરૂઆતમાં ખર્ચ ઘણો ઓછો આવશે. મરઘી દાણા ખાઈને પોતાનું પોષણ પણ કરી લેશે અને મરઘી રોજ ઈંડા આપશે, એને વેચીને તમે પૈસા કમાઇ શકો છો.'

**શરદ જોશી સ્પીકિંગ**
સંજય છેલ

આ વાત ભીમાના મગજમાં બરાબર બેસી ગઈ અને એણે નક્કી કર્યું કે આવતા વખતે ગામમાં ગુર્જરી ભરાશે એમાં એ અને મરઘા મરઘીની જોડી ખરીદી લાવીને ધંધો શરૂ કરી દેશે.

ભીમાએ એની પત્નીને કહ્યું, 'આપણે થોડા દિવસ પછી મરઘી અને ઈંડા વેંચીને બકરીઓ ખરીદીશું, પછી બકરીઓ વેંચીને ગાયો ખરીદીશું, પછી ગાયો વેંચીને ઘોડા ખરીદીશું, પછી ઘોડા વેંચીને હાથી ખરીદીશું અને પછી એયને હાથી પર બેસીને ઠાઠથી જાત્રાએ જશું.'

ભીમાની પત્નીએ ટોણો મારતા કહ્યું, 'જાઓને હવે તમારાથી કંઈ નહીં થાય!'

ભીમાએ પત્નીને ઠપકો આપ્યો, ઓયે, શેખચલ્લી ના સમાજ મને! તું જોતી રહે, આગળ શું શું થાય છે!

પછીને રવિવારે ભીમો બજારમાં મરઘી-મરઘો ખરીદવા ગયો અને ચાર સમજદાર અને એક મૂર્ખની પણ સલાહ લઈને એક સરસ મરઘો અને ઈંડા આપતી મરઘી ખરીદીને ઘર તરફ વિચારતા વિચારતા પાછો ફર્યો કે- 'આ કામ બીજાઓની મદદથી ચલાવવું જોઈએ કે જાતે જ? પેલાં ઈંડા રોજ શહેર સુધી કેવી રીતે પહોંચાડીશ હું? વળી, મરઘીઓ રાખવાથી ક્યાંક મારો ધરમ તો નહીં અભડાય ને?' વગેરે વગેરે.

સવારેનાં અગિયાર વાગી રહ્યા હતા. ગામના તલાટી સાહેબ ઓફિસ જવા માટે ઘરનાં દરવાજા પર પટાવાળાની રાહ જોતા ઊભા હતા, જે પાછો એમના માટે પાન લેવા ગયો હતો.

ભીમાના હાથમાં મરઘી જોઈને તલાટીએ કહ્યું, 'અરે વાહ ભાઈ, શું લઈને આવ્યો છે? જરા મને પણ તો દેખાડ!' ભીમાએ તલાટી સાહેબને મરઘી બતાવી અને મરઘીનાં ખૂબ ગુણગાન ગાયા. તલાટી સાહેબે કહ્યું, 'વાહ, સરસ છે! આને તો હું રાખીશ, તારી યાદગીરી રૂપે. તું જા..ચાલ નીકળ..'

હવે બિચારો ભીમો તલાટી સાહેબને કેવી રીતે ના પાડી શકે? ઉપરથી હસતો અને મનથી ઉદાસ એ ઘર ભણી ચાલવા માંડ્યો.- હાથમાં એકલો મરઘો લઈને! એવામાં ગામમાં જિલ્લાના પોલીસ અધિકારી એક લૂંટની તપાસ કરવા અને સાબિત કરવા કે ગામવાળાઓ પણ ડાકુઓ સાથે મળેલા છે, ગામમાં અડીંગો જમાવીને બેઠા હતા અને એક પછી એક ગામવાળાં ધીબેડી ધીબેડીને પરાણે કબૂલાત કરાવી રહ્યા હતા. ત્યાં તો ભીમાના હાથમાં મરઘો જોઈને પોલીસવાળા સાહેબ બોલ્યા- 'એય...મરઘાને અહીંયા લાવ! શું નામ છે તારું?' ભીમો હાથ જોડીને પોલીસ ઓફિસર પાસે ગયો. પોલીસ ઓફિસરે કહ્યું, 'અરે, મરઘો તો બહુ સરસ છે!

લાગે છે, તું તો નક્કી આ લૂંટ વિશે જાણતો હશે. હેંને. બોલ સાલા ક્યાંથી આવ્યા મરઘાના પૈસા?'ભીમાએ કરગરીને કહ્યું, 'ના ના સાહેબ, હું કંઈ નથી જાણતો?'

'તો ચાલ ભાગ અહીંયાથી!', પોલીસ અધિકારીએ બૂમ પાડી અને મરઘો લઈને એને રાંધવા માટે હવાલદારને આપી દીધો.

બિચારો ભીમો, ચૂપચાપ ખાલી હાથે, ઘર તરફ ચાલવા માંડ્યો અને આત્મનિર્ભર મરઘા-મરઘીનું સપનું, ઈંડા મૂક્યા વિના જ રહી ગયું!'

**ભીમાએ એની પત્નીને કહ્યું, 'આપણે થોડા દિવસ પછી મરઘી અને ઈંડા વેંચીને બકરીઓ ખરીદીશું, પછી બકરીઓ વેંચીને ગાયો ખરીદીશું, પછી ગાયો વેંચીને ઘોડા ખરીદીશું, પછી ઘોડા વેંચીને હાથી ખરીદીશું અને પછી એયને હાથી પર બેસીને ઠાઠથી જાત્રાએ જશું.'**

# IPLમાંથી અત્યાર સુધીમાં 100 કરોડથી વધુ કમાઇ ચૂકેલા ગ્લેન મેક્સવેલનું પ્રદર્શન અનકેપ્ડ કરતાં ઉતરતી કક્ષાનું

ઇન્ડિયન પ્રીમિયર લીગ (IPL 2025) ની 18મી સીઝન શરૂ થયાને એક મહિનો થવા જઈ રહ્યો છે. ટુર્નામેન્ટમાં અત્યાર સુધીમાં 30 થી વધુ મેચ રમાઈ છે, પરંતુ આ સમય દરમિયાન એક ખેલાડીએ પોતાના ફ્લોપ પ્રદર્શનથી બધાને નિરાશ કર્યા છે. આ ક્રિકેટર બેટિંગ અને બોલિંગ બંને વિભાગોમાં પોતાની તાકાત સાબિત કરવામાં નિષ્ફળ ગયો. આપણે જે ખેલાડી વિશે વાત કરી રહ્યા છીએ તે બીજું કોઈ નહીં પણ પંજાબ કિંગ્સનો અનુભવી ઓલરાઉન્ડર ગ્લેન મેક્સવેલ છે. ઈન્ટરનેશનલ ક્રિકેટમાં ધૂમ મચાવનારા આ ઓલરાઉન્ડરના IPL 2025માં ફ્લોપ પ્રદર્શનથી ચાહકોને ખૂબ દુઃખ થયું છે, જેના કારણે તેને ફ્રોડ ક્રિકેટર તરીકે પણ ટેગ કરવામાં આવ્યો

**ખેલખેલમેં**

છે. ભારતમાં રમાતી ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) વિશ્વભરના તમામ લીગોમાં સૌથી મોટી ફ્રેન્ચાઈઝી લીગ છે અને તેમાં વિશ્વના ટોચના ક્રિકેટરો રમવા માટે આતુર રહે છે. દર વર્ષે સિઝન શરૂ થાય તે પહેલાં ખેલાડીઓની હરાજી કરવામાં આવે છે. ફ્રેન્ચાઈઝી તેની જરૂરિયાતો અનુસાર ખેલાડીઓ ખરીદે છે. ઈન્ટરનેશનલ લેવલે કે પછી પોતપોતાના દેશની ડોમેસ્ટિક સિઝનમાં જોરદાર પ્રદર્શન કરનારા ખેલાડીઓને IPLની ફ્રેન્ચાઈઝી ટીમો ખરીદવા માટે ચડસાચડસી કરે છે. જો કે આ બધામાં એક એવો ખેલાડી છે, જ્યારે પણ તે



હરાજીમાં આવે છે, ત્યારે તેના પર મોટી બોલી લગાવવામાં આવે છે. આ ખેલાડીનું નામ ગ્લેન મેક્સવેલ છે. આ વખતે ઓક્શમાં આ ઓસ્ટ્રેલિયન ઓલરાઉન્ડરને પંજાબ કિંગ્સે 4 કરોડ 25 લાખ રૂપિયામાં પોતાની ટીમમાં સામેલ કર્યો છે. જો કે IPLમાં 2012થી રમતા આવેલા ગ્લેન મેક્સવેલે અત્યાર સુધીમાં વિવિધ ફ્રેન્ચાઈઝી વતી IPL રમીને કુલ મળીને રૂ. 100 કરોડથી વધુની રકમ ગજવે ઘાલી છે પણ IPLમાં તેનું પ્રદર્શન કોઈ અનકેપ્ડ ખેલાડી કરતાં પણ ઉતરતી કક્ષાનું રહ્યું છે. ગ્લેન મેક્સવેલ IPL 2025 માં ખરાબ રીતે નિષ્ફળ રહ્યો છે. તેને 6 મેચમાં 5 વખત બેટિંગ કરવાની તક મળી છે. આ દરમિયાન, મેક્સવેલના બેટે 8.2ની એવરેજથી કુલ 41 રન બનાવ્યા છે. આ સમયગાળા દરમિયાન તેનો સ્ટ્રાઈક રેટ પણ 100 છે.

અત્યાર સુધી તે ફક્ત 4 ચોગ્ગા અને 1 છગ્ગો ફટકારી શક્યો છે. મેક્સવેલની સૌથી મોટી ઈનિંગ 30 રનની હતી. એટલે કે તેણે બાકીની ચાર ઈનિંગ્સમાં ફક્ત 11 રન બનાવ્યા છે. આ દરમિયાન તેણે પોતાની સ્પિન બોલિંગથી ચાર બેટ્સમેનોની વિકેટ લીધી છે.

મેક્સવેલના પ્રદર્શન પર, ન્યુઝીલેન્ડના કોમેન્ટેટર સિમોન ડૌલે કહ્યું હતું કે મને લાગે છે કે મેક્સવેલને તકો મળી ગઈ છે. મારો મતલબ છે કે, તે હાલમાં જે રીતે આઉટ થઈ રહ્યો છે, તે કોચ તરીકે મને નિરાશ કરશે. મને લાગે છે કે તે નિરાશાજનક વાત છે. તો ઓમરઝાઈ તેનું સ્થાન લઈ શકે છે, ઈંગ્લિસ પણ છે. તે એવી વસ્તુ છે જેનો હું વિચાર કરી શકું છું. પંજાબ કિંગ્સે ઓસ્ટ્રેલિયન ઓલરાઉન્ડરની જગ્યાએ અઝમતુલ્લાહ ઓમરઝાઈ અને જોશ ઈંગ્લિસ જેવા અન્ય બેટ્સમેનોને અજમાવવાનો સમય આવી ગયો છે. એ ઉલ્લેખનીય છે કે મેક્સવેલ IPL 2024માં આરસીબીનો ભાગ હતો. ત્યારે તેનો પગાર 11 કરોડ રૂપિયા હતો. 10 મેચમાં તેના બેટમાંથી ફક્ત 52 રન જ આવ્યા હતા. મેક્સવેલની એવરેજ 5.78 હતી. એટલે કે, ગત સીઝનથી અત્યાર સુધી, મેક્સવેલે IPLમાં 16 મેચોમાં ફક્ત 93 રન બનાવ્યા છે. 2020ની સીઝનમાં, તેણે 13 મેચમાં 108 રન બનાવ્યા હતા. તેણે 2018માં 12 મેચમાં 169 રન, 2016માં 11 મેચમાં 179 રન અને 2015માં 11 મેચમાં 145 રન બનાવ્યા હતા. તેની IPL કારકિર્દીની વાત કરીએ તો, તેણે અત્યાર સુધીમાં 24 ની સરેરાશથી 2812 રન બનાવ્યા છે. તે લીગમાં સૌથી વધુ ડક આઉટ થનાર ખેલાડી પણ છે. ગ્લેન મેક્સવેલ 2012 થી IPL માં રમી રહ્યો છે. અત્યાર સુધી તેણે લીગમાંથી પગાર તરીકે 100 કરોડ 64 લાખ રૂપિયા કમાયા છે. શરૂઆતમાં તે દિલ્હી ટીમનો ભાગ હતો. પછી તે મુંબઈ ઈન્ડિયન્સમાં આવ્યો. આ પછી તે કિંગ્સ ઈલેવન પંજાબમાં જોડાયો. 2018માં દિલ્હી અને 2020માં પંજાબનો ભાગ હતો. 2021ની હરાજીમાં આરસીબીએ તેને 14.25 કરોડમાં ખરીદ્યો હતો. આરસીબી સાથે ચાર સીઝન વિતાવ્યા બાદ, તે પંજાબ કિંગ્સમાં પાછો ફર્યો છે.

**ગ્લેન મેક્સવેલનું IPLમાં પ્રદર્શન સતત નિરાશાજનક રહ્યું છે. 2012થી IPL રમી રહેલા મેક્સવેલને આ સિઝનમાં પંજાબ કિંગ્સે રૂ. 4.25 કરોડમાં પોતાની ટીમમાં સામેલ કર્યો હતો, પરંતુ તેણે અત્યાર સુધી 6 મેચમાં ફક્ત 41 રન બનાવ્યા છે. છેલ્લી સિઝનમાં RCBએ તેને 11 કરોડમાં પોતાની ટીમમાં સામેલ કર્યો હતો પરંતુ તેના માટે પણ તેનું પ્રદર્શન ખરાબ રહ્યું હતું**